# ઈઝરાયેલના અણુ કેન્દ્ર નજીક ઈરાનનો મિસાઈલ હુમલો

**ઈરાની** હુમલામાં 10 ઇમારતોને નુકસાન, 175 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા

**ઇઝરાયલની** એર ડિફેન્સ સિસ્ટમ આ વિસ્તારમાં ઇરાની મિસાઇલને રોકમાં નિષ્ફળ

કેરો, તા. 22 (એપી): મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે ચોથા સપ્તાહમાં પ્રવેશી ચૂક્યું છે અને સ્થિતિ અત્યંત ગંભીર વળાંક પર છે. શનિવારે મોડી રાત્રે ઈરાને ઈઝરાયેલના મુખ્ય પરમાણુ સંશોધન કેન્દ્ર નજીક આવેલા બે શહેરો, ડિમોના અને અરાદ પર મિસાઈલ હુમલા કર્યા હતા. આ હુમલામાં 10 જેટલી એપાર્ટમેન્ટ બિલ્ડિંગોને નુકસાન થયું છે અને ઓછામાં ઓછા 175 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

અરાદ અને ડિમોના શહેરો પર થયેલા હુમલા બાદ હોસ્પિટલના મુખ્ય અધિકારીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં 175 ઈજાગ્રસ્તોને સારવાર માટે લાવવામાં આવ્યા છે. વડા પ્રધાન નેતન્યાહુએ અરાદની મુલાકાત લીધી હતી અને વિનાશ જોઈને આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું હતું કે, આટલા

...અનુસંધાન પાના 2 પર



## 4000 કિ.મી. દૂર આવેલા ડિએગો ગાર્સિયા બેઝ પર મિસાઈલ હુમલો

ઈરાને હિંદ મહાસાગરમાં આવેલા અમેરિકા અને બ્રિટનના સંયુક્ત સૈન્ય મથક 'ડિએગો ગાર્સિયા' પર મિસાઈલ હુમલો કર્યો છે. આ બેઝ ઈરાનથી લગભગ 4000 કિમી દૂર છે, જે સૂચવે છે કે ઈરાન પાસે હવે અગાઉ કરતાં અને અપેક્ષા કરતા વધુ લાંબી રેન્જની મિસાઈલો છે. નિષ્ણાતોના મતે ઈરાને આ માટે તેના 'સ્પેસ પ્રોગ્રામ' અથવા 'ટુ-સ્ટેજ ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ'નો ઉપયોગ કર્યો હોઈ શકે છે.

## લેબેનોનમાં ઇઝરાયેલની નવી વ્યૂહરચના

ઇઝરાયેલના સંરક્ષણ મંત્રીએ હિઝબુલ્લાહ વિરુદ્ધ નવી સૈન્ય કાર્યવાહીના આદેશ આપ્યા છે. હિઝબુલ્લાહના લડવૈયાઓ અને હથિયારોની હેરફેર રોકવા માટે લિતાની નદી પરના તમામ પુલોને તોડી પાડવાનો આદેશ અપાયો છે. ટાયર શહેર પાસેના કાસમિયે બ્રિજ પર હુમલો પણ કરવામાં આવ્યો છે. ઇઝરાયેલની ઉત્તરી સરહદ નજીક આવેલા લેબેનોનના ઘરોને ઝડપથી તોડી પાડવાની વ્યૂહરચના અપનાવવામાં આવી છે, જે ગાઝામાં હમાસ વિરુદ્ધ કરાયેલી કાર્યવાહી સમાન છે.

## નતાન્ઝ પરમાણુ મથક પર રહસ્યમય હુમલો

ઈરાનના મુખ્ય નતાન્ઝ ન્યુક્લિયર પ્લાન્ટ પર શનિવારે હુમલો થયો હતો. ઈઝરાયેલે આ હુમલાની જવાબદારી સ્વીકારવાનો ઇન્કાર કર્યો છે. ઈરાની એજન્સીઓના જણાવ્યા મુજબ ત્યાં કોઈ રેડિયેશન લીકેજ થયું નથી. રશિયાએ ચેતવણી આપી છે કે પરમાણુ મથકો પરના આવા હુમલા મધ્ય પૂર્વમાં મોટી પર્યાવરણીય હોનારત સર્જી શકે છે. અમેરિકાએ આ હુમલા પર ટિપ્પણી કરવાથી ઈનકાર કર્યો હતો.

## જહાજોની અવરજવર ફરી શરૂ કરવા દબાણ વધ્યું

હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની સુરક્ષા માટે UAE, જાપાન અને ફ્રાન્સ સહિત ૨૧ દેશો એકજૂથ થયા છે. તેલના વધતા ભાવને રોકવા ટ્રમ્પ સરકારે ઈરાની તેલ પરના પ્રતિબંધોમાં આંશિક છૂટ આપી છે, જોકે ઈરાને દાવો કર્યો છે કે તેની પાસે હવે સ્ટોક બચ્યો નથી. અમેરિકાએ ઈરાનના ભૂગર્ભ મિસાઈલ મથકો પર ભારે બોમ્બમારો કરી તેની શક્તિ ઘટાડી હોવાનો દાવો કર્યો છે અને વધુ 2500 સૈનિકો મધ્ય પૂર્વમાં રવાના કર્યા છે. આ દરમિયાન સાઉદી અરેબિયાએ 20 ડ્રોન તોડી પાડ્યા છે.

## બ્રિટનની વ્યૂહાત્મક ભૂમિકા

બ્રિટન અત્યાર સુધી ઈરાન પરના સીધા હુમલામાં જોડાયું નહોતું, પરંતુ હવે તેણે અમેરિકી બોમ્બર્સને તેના સૈન્ય મથકો (જેમ કે ડિએગો ગાર્સિયા) વાપરવાની છૂટ આપી છે. આ બેઝનો ઉપયોગ હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર હુમલો કરતા ઈરાની મથકોને નષ્ટ કરવા માટે કરવામાં આવશે.

## ઈરાનમાં નેતૃત્વનું રહસ્ય અને અસરો

28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં ઈરાનને કેટલું નુકસાન થયું છે તે જાણી શકાયું નથી કારણ કે ત્યાં કડક ઈન્ટરનેટ પ્રતિબંધો છે. નવા સુપ્રીમ લીડર આયાતુલ્લા મોજતબા ખામેની નિમણૂક બાદ હજુ સુધી જાહેર જનતા સમક્ષ આવ્યા નથી, જેથી ત્યાં સત્તાના કેન્દ્ર અંગે રહસ્ય સર્જાયું છે.

## 'હોર્મુઝની સામુદ્રધુની ખોલો નહીંતર પાવર પ્લાન્ટ્સ પર હુમલો થશે : ટ્રમ્પ

**જો ઉર્જા** મથકો પર હુમલો થશે તો અમેરિકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વળતો હુમલાની અને હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણ બંધ કરવાની ઇરાને ચેતવણી ઉચ્ચારી

**વોશિંગ્ટનસ તા. 20 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જો ઈરાન આગામી 48 કલાકમાં હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) સંપૂર્ણપણે નહીં ખોલે, તો અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ્સને 'નેસ્તનાબૂદ' કરી દેશે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેઓ સૌથી મોટા પાવર પ્લાન્ટથી આ હુમલાની શરૂઆત કરશે. ઈરાને વળતો પ્રહાર કરતા ચેતવણી આપી છે કે જો તેના ઉર્જા મથકો પર હુમલો થશે, તો તે સમગ્ર પ્રદેશમાં અમેરિકા અને ઈઝરાયેલની ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિલકતો, ખાસ કરીને આઈટી અને પાણી શુદ્ધિકરણના પ્લાન્ટ્સને નિશાન બનાવશે. ઈરાને સાથે જ ચેતવણી આપી હતી કે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે બંધ થઈ શકે છે.

હોર્મુઝની સામુદ્રધુની વિશ્વના તેલ પુરવઠા માટે અત્યંત મહત્વની છે અને હાલમાં ત્યાં ટેન્કરોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે, જેના કારણે વૈશ્વિક સ્તરે ઈંધણ અને ખાદ્યપદાર્થોના ભાવમાં ઉછાળો આવ્યો છે. ઈરાને સંકેત આપ્યો છે કે તે માત્ર તેના મિત્ર દેશોના જહાજોને જ ત્યાંથી પસાર થવા દેશે. જો કે, આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનમાં ઈરાની પ્રતિનિધિ અલી મૌસાવીએ જણાવ્યું હતું કે "ઈરાનના દુશ્મનો" સાથે જોડાયેલા ન હોય તેવા જહાજો તેહરાન સાથે સંકલન કરીને સ્ટ્રેટમાંથી પસાર થઈ શકે છે.

## હિમાચલના સિરમૌર જિલ્લામાં 'પાકિસ્તાની' બલૂન જોવા મળ્યું

નાહન, તા. ૨૨ (PTI): હિમાચલના સિરમૌર જિલ્લાના બખૌગ ગામમાં રવિવારે ત્યારે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો જ્યારે ખેતરોમાં પાકિસ્તાન સાથે જોડાયેલા નિશાનવાળો એક બલૂન જોવા મળ્યું. આ બલૂન, જેના પર લીલા રંગમાં 'પીઆઈએ' લખેલું હતું અને તેની સાથે અન્ય પ્રતીકો હતા, જે પાકિસ્તાન સાથે સંબંધિત હોય તેવું લાગતું હતું, તે સ્થાનિક રહેવાસી લોકેન્દ્ર ઠાકુર અને તેમની પત્ની દ્વારા જોવામાં આવ્યો હતો જ્યારે

...અનુસંધાન પાના 2 પર

## જેડી(યુ)ના માજી નેતા કે.સી. ત્યાગી આરએલડીમાં જોડાયા

નવી દિલ્હી, તા. 22 (PTI): જનતા દળ (યુનાઇટેડ)ના ભૂતપૂર્વ નેતા કે.સી. ત્યાગી રવિવારે રાષ્ટ્રીય લોકદળ (આરએલડી)માં જોડાયા હતા. ત્યાગીએ જણાવ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે કોઈ તફાવત નથી. કારણ કે, બંને ભૂતપૂર્વ વડા પ્રધાન ચૌધરી ચરણ સિંહ અને સમાજવાદી નેતા રામ મનોહર લોહિયાના આદર્શોને અનુસરે છે. ત્યાગીએ કહ્યું હતું કે, તેઓ ધારાસભ્ય કે સાંસદ બનવા માટે પાર્ટીમાં નથી આવ્યા, પરંતુ

...અનુસંધાન પાના 2 પર

## 'ઈસ્લામિક નાટો' બનાવવાની હિલચાલ : પાકિસ્તાન, તુર્કી, સાઉદી અને ઈજિપ્ત વચ્ચે બેઠક

**પશ્ચિમી** શક્તિઓના હસ્તક્ષેપ વગર પોતાની સમસ્યાઓ ઉકેલવા મુસ્લિમ રાષ્ટ્રો એકજૂથ



રિયાધ, તા. 22: અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષની વચ્ચે મધ્ય પૂર્વમાં નવી સુરક્ષા વ્યવસ્થાના ભણકારા વાગી રહ્યા છે. રિયાધમાં ઈસ્લામિક દેશોના શિખર સંમેલન દરમિયાન તુર્કી, સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને પાકિસ્તાનના વિદેશ મંત્રીઓએ એક મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય 'ઈસ્લામિક નાટો' જેવું સૈન્ય ગઠબંધન બનાવીને પ્રાદેશિક શક્તિઓને એકજૂથ કરવાનો છે. તુર્કીના વિદેશ મંત્રી હાકાન ફિદાનના જણાવ્યા મુજબ, જો આ દેશો પોતાની સમસ્યાઓ પોતે નહીં ઉકેલે, તો બહારની શક્તિઓ (અમેરિકા/પશ્ચિમી દેશો) પોતાના હિત મુજબના ઉકેલો લાદશે.

આ પ્રસ્તાવિત સુરક્ષા સમજૂતી સંપૂર્ણપણે નાટો જેવી નહીં હોય, પરંતુ તે સંરક્ષણ ઉદ્યોગ અને લશ્કરી બાબતોમાં સહયોગ માટે એક મજબૂત મંચ તરીકે કામ કરશે. આ ગઠબંધનમાં દરેક દેશની પોતાની વિશેષતા છેઃ તુર્કી તેના અદ્યતન ડ્રોન અને મિસાઈલ ટેકનોલોજી માટે જાણીતું છે, પાકિસ્તાન એકમાત્ર પરમાણુ શક્તિ સંપન્ન ઈસ્લામિક દેશ છે, સાઉદી અરેબિયા ટેકનોલોજીના હબ તરીકે ઉભરી રહ્યું છે અને ઈજિપ્ત તેની વિશાળ સૈન્ય ક્ષમતા ધરાવે છે. તુર્કીએ તાજેતરમાં ઈજિપ્ત સાથે 350 મિલિયન ડોલરનો સંરક્ષણ સોદો પણ કર્યો છે. જોકે, ઈરાન મુદ્દે આ દેશોમાં થોડો મતભેદ છે; તુર્કી ઈઝરાયેલને મુખ્ય ઉશ્કેરણી કરનાર માને છે, જ્યારે રિયાધ બેઠકમાં ગલ્ફ દેશો પર ઈરાનના હુમલાની કડક ટીકા કરવામાં આવી હતી.



## પીએમ મોદીએ ક્રૂડ ઓઈલ અને ગેસ સપ્લાયની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

**બેઠકમાં** રાજનાથ સિંહ, અમિત શાહ અને એસ. જયશંકર સહિતના વરિષ્ઠ મંત્રીઓ અને અજીત ડોભાલ હાજર રહ્યા

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને તેના કારણે સર્જાયેલી વૈશ્વિક કટોકટી વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સહિતના વરિષ્ઠ મંત્રીઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજીત ડોભાલ હાજર રહ્યા હતા.

બેઠકનો મુખ્ય હેતુ પશ્ચિમ એશિયામાં બદલાતી પરિસ્થિતિને કારણે ક્રૂડ ઓઈલ, ગેસ, પેટ્રોલિયમ પેદાશો, વીજળી અને ખાતર ક્ષેત્ર પર પડનારી અસરની સમીક્ષા કરવાનો હતો.

સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે સરકાર પેટ્રોલિયમ પેદાશો સહિતની તમામ આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો કોઈપણ અવરોધ વિના જળવાઈ રહે તે માટે અગાઉથી જ પગલાં લઈ રહી છે. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષામાં મધ્ય પૂર્વના સંઘર્ષની વૈશ્વિક અસરોનો ક્યાસ કાઢવામાં આવ્યો હતો. સરકારનું મુખ્ય લક્ષ્ય ગ્રાહકો (સામાન્ય જનતા) અને ઉદ્યોગોના હિતોનું રક્ષણ કરવાનું છે, જેથી મોંઘવારી કે અછત જેવી સ્થિતિ ન સર્જાય.

વડા પ્રધાને અગાઉ પણ કહ્યું હતું કે આ યુદ્ધે વિશ્વભરમાં ઉર્જા સંકટ ઊભું કર્યું છે, જે રાષ્ટ્રીય ચરિત્રની કસોટી સમાન છે. આ સંઘર્ષ શરૂ થયા બાદ પીએમ મોદીએ સાઉદી અરેબિયા, યુએઈ, ઈઝરાયેલ અને ઈરાન સહિત અનેક દેશોના નેતાઓ સાથે ફોન પર વાતચીત કરીને સપ્લાય ચેઈનને પૂર્વવત કરવાના પ્રયાસો તેજ કર્યા છે.

## આસામ પોલીસ કેમ્પ પર ઉલ્ફા ઉગ્રવાદીનો હુમલો, 4 જવાન ઘાયલ

તિનસુકિયા (આસામ), તા. 22 (PTI): રવિવારે વહેલી સવારે તિનસુકિયા જિલ્લામાં આસામ પોલીસ કમાન્ડો કેમ્પ પર થયેલા ઉગ્રવાદી હુમલામાં ઓછામાં ઓછા ચાર સુરક્ષા જવાનો ઈજાગ્રસ્ત થયા છે. એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે, હુમલાખોરોને પકડવા માટે જવાબી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. યુએલએફએ(આઈ)એ જગુન વિસ્તારમાં થયેલા આ હુમલાની જવાબદારી સ્વીકારી છે અને જણાવ્યું છે કે, પ્રતિબંધિત સંગઠન વિરુદ્ધ

...અનુસંધાન પાના 2 પર

## છત્તીસગઢના મહાસમુંદમાં રોપવે ટ્રોલી તૂટી પડતાં એકનું મોત, છ ઘાયલ

મહાસમુંદ (છત્તીસગઢ): રવિવારે છત્તીસગઢના મહાસમુંદ જિલ્લામાં એક પહાડ પર આવેલા એક મંદિરથી નીચે ઊતરી રહેલી રોપવે ટ્રોલી તૂટી પડતાં એક મહિલાનું મોત થયું હતું અને અન્ય છ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બાગબહારા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) નમિતા માર્કોલે જણાવ્યું હતું કે, આ અકસ્માત સવારે 10 વાગ્યા પછી તરત જ સર્જાયો હતો જ્યારે ટ્રોલી સાત મુસાફરોને લઈને

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૨-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૮° સે. | ૧૯.૬° સે. | ૨૪% |

## પાકિસ્તાનમાં LET કમાન્ડર બિલાલ સરાફીની તેના જ પરિવાર દ્વારા હત્યા

**સરાફીની** ચપ્પુના ઘા માર્યા પછી ગોળી મારી હત્યા કરવા પાછળ પારિવારિક વિવાદ હોવાનું મનાય છે



નવી દિલ્હી, તા. 22: પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના કમાન્ડર બિલાલ આરિફ સરાફીની તેના જ પરિવારના સભ્યો દ્વારા હત્યા કરવામાં આવી છે. શનિવારે ઈદની નમાઝ બાદ મુરીદકેમાં લશ્કરના હેડક્વાર્ટર પાસે જ તેને છરીના ઘા ઝીંક્યા બાદ ગોળી મારવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલો મુજબ આ હત્યા પાછળ પારિવારિક વિવાદ હોવાનું મનાય છે અને પોલીસે આરોપીઓની ધરપકડ કરી છે. બિલાલ મુરીદકે સેન્ટરમાં યુવાનોને ત્રાસવાદ માટે તૈયાર કરવાનું અને તેમનું બ્રેઈનવોશ કરવાનું કામ કરતો હતો. જોકે, તે ભારતમાં વોન્ટેડ ન હતો.

બીજી બાજુ, ત્રાસવાદને પોષતું પાકિસ્તાન હવે પોતે જ તેનો શિકાર બની રહ્યું હોય તેમ લાગે છે. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2026 મુજબ, પાકિસ્તાન વિશ્વનો સૌથી વધુ ત્રાસવાદ પ્રભાવિત દેશ બન્યો છે. વર્ષ 2025માં અહીં 1,139 લોકોના મોત થયાં હતાં અને 1,000થી વધુ હુમલા નોંધાયા હતાં. દક્ષિણ એશિયામાં પાકિસ્તાન એકમાત્ર એવો દેશ છે જ્યાં સ્થિતિ વધુ વણસી છે, જ્યારે પાડોશી દેશોમાં સુધારો જોવા મળ્યો છે. ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાનમાં સૌથી વધુ હિંસા જોવા મળી રહી છે.

## ..તો અમે દિલ્હી-મુંબઈ પર બોમ્બ ફેંકીશું : માજી પાકિસ્તાની રાજદૂત

**કાલ્પનિક** યુદ્ધના બહાને પાકિસ્તાનના પૂર્વ રાજદૂતનું ભારત વિરુદ્ધ ઝેરીલું નિવેદન

**અમેરિકા** અમારા અણુ મથકો પર હુમલો કરે તો અમે ભારત પર હુમલો કરીશું : અબ્દુલ બાસિત



ઈસ્લામાબાદ, તા. 22: ભારતમાં પાકિસ્તાનના પૂર્વ હાઈ કમિશનર અબ્દુલ બાસિતે એક અત્યંત વિવાદાસ્પદ નિવેદનમાં જણાવ્યું છે કે જો અમેરિકા પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમ (Nukes) ને નિશાન બનાવશે અથવા તેને નષ્ટ કરવાનો પ્રયાસ કરશે, તો પાકિસ્તાન વળતા જવાબમાં ભારત પર હુમલો કરશે. બાસિતે તર્ક આપ્યો હતો કે અમેરિકા પાકિસ્તાનની મિસાઈલ રેન્જમાં નથી, તેથી બદલો લેવા માટે પાકિસ્તાન પાસે મુંબઈ અને નવી દિલ્હી પર બોમ્બ ફેંકવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં. તેમણે આ 'ભયાનક સ્થિતિ' ને વર્સ્ટ કેસ સિનારિયો ગણાવી હતી.

તેમણે સીધું જ કહ્યું કે, 'જો અમેરિકા પાકિસ્તાન પર હુમલો કરશે, તો અમારે બીજી વાર વિચાર્યા વિના ભારત, મુંબઈ અને નવી દિલ્હી પર હુમલો કરવો પડશે. અમે તેને છોડીશું નહીં, પછી ભલે જે થાય તે.'

જોકે તેમણે સ્વીકાર્યું હતું કે આવી સ્થિતિ સર્જાવી અશક્ય છે, તેમ છતાં તેમણે વારંવાર ભારતના મહાનગરો પર હુમલાની વાત દોહરાવી હતી. તેમણે ઉમેર્યું કે પાકિસ્તાન પાસે ભારત પર ગમે ત્યાં હુમલો કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં. ઉલ્લેખનીય છે કે અબ્દુલ બાસિત 2014થી 2017 દરમિયાન નવી દિલ્હીમાં પાકિસ્તાનના ટોચના રાજદ્વારી રહી ચૂક્યા છે, જેના કારણે તેમના આ નિવેદનને ગંભીરતાથી લેવામાં આવી રહ્યું છે.

## CEC જ્ઞાનેશ કુમારને હટાવવા વિરોધ પક્ષની સંસદમાં નોટિસ રજૂ

**વિપક્ષ** દ્વારા જ્ઞાનેશ કુમાર સરકારના ઈશારે કામ કરતા હોવાનો દાવો

**બિહારમાં** 65 લાખ અને બંગાળમાં 58 લાખ નામો ડિલીટ થયાનો આક્ષેપ

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): ભારતીય સંસદમાં વિરોધ પક્ષના સાંસદોએ મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે નોટિસ આપી છે. લોકસભાના 130 અને રાજ્યસભાના 63 સાંસદો દ્વારા રજૂ કરવામાં આવેલી આ નોટિસમાં તેમના પર 'સાબિત થયેલા ગેરવર્તણૂક'ના સાત ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. વિરોધ પક્ષનો મુખ્ય આરોપ છે કે ચૂંટણી કમિશનર સરકારના ઈશારે કામ કરી રહ્યા છે અને તેમણે ચૂંટણી પંચની નિષ્પક્ષતા ખતમ કરી દીધી છે.

આ નોટિસમાં સૌથી ગંભીર આરોપ 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) કવાયત દ્વારા લાખો મતદારોના નામ મતદાર યાદીમાંથી બાકાત રાખવાનો છે. વિરોધ પક્ષે આક્ષેપ કર્યો છે કે બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા 65 લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા હતા, જેણે એનડીએની જીતમાં મોટી ભૂમિકા ભજવી હતી. આવી જ રીતે પશ્ચિમ બંગાળમાં પણ લગભગ 58 લાખ નામો કાઢી નાખવામાં આવ્યા છે અને 60 લાખ નામો 'ચકાસણી' હેઠળ રાખવામાં આવ્યા છે. તૃણમૂલ કોંગ્રેસ સહિતના પક્ષોએ તેને 'પાછલા બારણેથી એનઆરસી' ગણાવ્યું છે, જેની અસર ખાસ કરીને હિન્દુ શરણાર્થીઓ, દલિતો, ઓબીસી, આદિવાસીઓ અને લઘુમતીઓ પર પડી રહી છે.

આ ઉપરાંત, જ્ઞાનેશ કુમારની નિમણૂકની પ્રક્રિયા, રાહુલ ગાંધી વિરુદ્ધ પક્ષપાતી નિવેદનો અને સત્તાધારી પક્ષના નેતાઓ સામે નરમ

...અનુસંધાન પાના 2 પર

## વિશ્વના 58 ટકા દેશોની શાળામાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ : અહેવાલ

**સોશિયલ** મીડિયા કિશોરીઓના માનસિક સ્વાસ્થ્ય માટે ખતરો

**ક્લાસરૂમમાં** ઘટતી એકાગ્રતા અને સાયબર બુલિંગ રોકવા માટે વૈશ્વિક સ્તરે કડક કાયદા

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગ (જીઈએમ) ટીમના તાજેતરના અહેવાલ મુજબ, વિશ્વના 58 ટકાથી વધુ દેશોએ શાળાઓમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ લાદી દીધો છે. જૂન 2023માં આ આંકડો માત્ર 24 ટકા હતો, જે માર્ચ 2026 સુધીમાં વધીને લગભગ 60 ટકા સુધી પહોંચી ગયો છે.

ક્લાસરૂમમાં ઘટતી જતી એકાગ્રતા, ઓનલાઈન હેરાન કરવાની ઘટનાઓ અને બાળકો પર ડિજિટલ માધ્યમોની નકારાત્મક અસરોને ધ્યાનમાં રાખીને ફ્રાન્સ, ક્રોએશિયા, જ્યોર્જિયા અને માલદીવ જેવા અનેક દેશોએ આ દિશામાં કડક પગલાં લીધાં છે. અમેરિકામાં પણ 39 રાજ્યોએ શાળાઓમાં ફોન વપરાશ મર્યાદિત કરવા માટેના નિયમો બનાવ્યા છે.

આ અહેવાલમાં સોશિયલ મીડિયાની ખાસ કરીને કિશોરીઓ પર થતી ગંભીર અસરો વિશે ચોંકાવનારી વિગતો આપવામાં આવી છે. ફેસબુકના પોતાના સંશોધન મુજબ, 32 ટકા કિશોરીઓ ઈન્સ્ટાગ્રામ વાપર્યા પછી પોતાના શારીરિક દેખાવ બાબતે લઘુતાગ્રંથિ અનુભવે છે. ટિકટોકનું અલ્ગોરિધમ દર 39 સેકન્ડે શરીરના દેખાવને લગતી સામગ્રી અને દર આઠ મિનિટે ખાવા-પીવાની વિકૃતિઓને પ્રોત્સાહન આપતું કન્ટેન્ટ પીરસે છે. છોકરાઓની સરખામણીએ છોકરીઓમાં આ પ્રકારની માનસિક સમસ્યાઓનું પ્રમાણ બમણું જોવા મળ્યું છે.

ઘણા દેશો હવે માત્ર ફોન પર જ નહીં, પણ બાળકો માટે સોશિયલ મીડિયાના વપરાશ પર પણ પ્રતિબંધ મૂકવાનું વિચારી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા, સ્પેન અને પોર્ટુગલ જેવા દેશો આ માટે કાયદાકીય જોગવાઈઓ લાવી રહ્યા છે. જોકે, કેટલાક દેશો એવા પણ છે જે સીધો પ્રતિબંધ લાદવાને બદલે શાળાઓને પોતાની રીતે નિયમો બનાવવાની સ્વાયત્તતા આપી રહ્યા છે. અહેવાલમાં ભારપૂર્વક જણાવાયું છે કે શૈક્ષણિક સફળતા માટે વિદ્યાર્થીઓનું ભાવનાત્મક સ્વાસ્થ્ય ખૂબ જ જરૂરી છે, જે હાલમાં ડિજિટલ વાતાવરણને કારણે જોખમમાં છે.